

# કલમ કડછી બરછી

શિક્ષણ સેવા સંરક્ષણ

સ્થાપક : સ્વ. શાંતિભાઈ ઘોળકિયા
તંત્રી : વિરેન શાં. ઘોળકિયા
લવાજમ : વાર્ષિક રૂા. ૧૦૦/-
વર્ષ : ઓગષ્ટ થી જુલાઈ

વર્ષ : ૪૯ અંક : ૧
ઓગષ્ટ – ૧૨



આજીવન સેવા સમર્પિત શાંતિભાઈને
૨૪મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

મેઘવર્ષા માટે પ્રાર્થના

## તુજ વિના આ ભીડ કોણ ભાંગે ?

મહેર કર મહેર કર મેઘને મોકલી,
જીવ સહુ ટળવળે વૃષ્ટિ માટે,
સૃષ્ટિને સર્જીને પાળતો તું પ્રભુ,
તો પછી રૂઠિયો શીદ માટે ?
અન્નથી પ્રાણીને વૃષ્ટિથી અન્ન છે,
ચક્ર વહેતું કર્યું એ પ્રભુ તેં,
ચક્ર ક્યાં ખોટક્યું જીવ સહુ વલખતા,
કર કૃપા કર દયા વૃષ્ટિ દે..દે...
કર્મ કુકર્મનાં ફળ બધાં જુજવાં,
વૃષ્ટિ તો સર્વને પોષનારી,
હે દયાના નિધિ શી કસોટી કરે,
પ્રાર્થના લક્ષમાં લો અમારી.
ગરીબને કોઈ સામાન્ય ના માનવી,
પશુ અને પંખીની વ્હાર કરજો,
કોઈ નથી જેહનું આમ છે તેહનો,
વચન એ પાળીને સિદ્ધ કરજો.
ગરીબને અવશ જીવ સમાંજઈ કરગરે,
શરણ તુજ શરણ લઈ આવી માંગે,
સહાય કર સત્વરે હે ! કરૂણાનિધિ,
તુજ વિના ભીડ આ કોણ ભાંગે ?

– શિવપ્રસાદ નથુશંકર ઘોળકિયા
(સૌજન્ય : શ્રીમતી આશા દિ. પોટા,રાજકોટ.)

બરછી કાર્યાલયનું સરનામું નોંધી લેશોજી...
બરછી કાર્યાલય C/o. ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ બિલ્ડીંગ, કોટેચાનગર મેઈન રોડ, રાજકોટ-૧.
ફોન : ૦૨૮૧-૨૪૫૩૦૬૩ મો. ૯૪૨૮૭ ૯૯૧૭૫ e mail : barchhi@rediffmail.com Web : www.barchhi.com

## કલમ કડછી બરછીના સ્થાપક અને સંવર્ધક
## મુ. શાંતિભાઈ ધોળકિયાને–
## સ્મૃતિ વંદના

**શા**ન રહયા છો આપ નાગર જ્ઞાતિના, અનુપમ આપની સેવા દ્રષ્ટિ,
ન શબ્દો મળે સત્કારવા કાજે, અવર્ણનીય આપની સમર્પણવૃત્તિ.
ન્યુનતા નાગરમાં ન હોય કયારેય, એ સત્ય આત્મસાત્ કર્યું આપે,
કલમ તો છે શ્વાસ નાગરનો, એ સત્ય સિદ્ધ કર્યું આપે.
**તિ**મિર પંથ ન હોય નાગરને, જો આત્મપંથ ઉજળો રહે તો,
રસાસ્વાદ માણે જે જિંદગીનો, તે જ રસાસ્વાદ કડછીનો માણી શકે,
**ભાઈ**ચારો સેવા સદાચારનો મંત્ર, એ નાગરની રકત ધડકન છે,
અભયત્વ ઊરમાં ધબકતું રાખવા સદા નાગરે બરછી પકડી છે,
**ઈ**શ આપણો અહીં હાટકેશ છે, છે પહેચાન નાગરની શ્રી હાટકેશ,
આ જ કારણે એ સંસ્કાર પ્રણેતા 'કલમ કડછી બરછી' નીત મહેકે છે.
નેતૃત્વ નમ્ર પરિવારને આપી, સંવદ્યાં સકળ તવ સુકર્મો,
આજે ય પત્રમાં દક્ષ વિચારો મહેકે, સેવા સમર્પણ એ જ જ્ઞાતિ સુધર્મ,
પ્રેરણા પંથ એજ અક્ષરપંથ છે, એ સત્ય સાર્થક સુવિચારે કર્યું,
કલમ કડછી બરછી એ અમૃતદીપ છે, જેણે ઉર 'પ્રેરણાંશુ' પ્રકશિત કર્યું
(શાંતિભાઈના કાર્યકાળથી સંકળાયેલા)– **મહેશ દેસાઈ – પ્રેરણાંશુ– રાજકોટ.**


## 'બરછી'ને કસોટી આવી છે.. સૌના આટલા સહકારની જરૂર છે...

'બરછી'ને જ્ઞાતિએ પોતીકું ગણેલ છે ત્યારે જ્ઞાતિજનો–ગ્રાહકોને નિખાલસતાથી જણાવવાનું કે નવા નવા કાયદા અને નિયમોમાં થતા રહેતા ફેરફારની અમને જાણ ન હોવાથી 'કલમ કડછી બરછી'નું 'પોસ્ટીંગ રજીસ્ટ્રેશન લાયસન્સ' રીન્યુ થયેલ ન હોવાથી બરછીનો આ અંક 'કન્સેશનલ રેઈટ' (૨૫ પૈસા)ને બદલે રૂા. ૪ની ટીકીટ ચોડી પોસ્ટ કરી રહયા છીએ આપને અંક મળેથી જૂનાગઢ, જામનગર, રાજકોટમાં વસતા આપના સગા સંબંધીઓને ફોન,મોબાઈલ, એસએમએસ. કે મેઇલ દ્વારા આટલી જાણ કરવા નમ્ર વિનંતી છે કે આ શહેરોના ગ્રાહકોના અંકો પોતે જે પ્રતિનિધીને લવાજમ ભરેલ છે તેમને મોકલવામાં આવેલ છે તેઓ અંક પહોંચાડવા પ્રયત્ન કરશે અથવા તેઓ પાસેથી મેળવી લેવા જણાવશો. રાજકોટના ગ્રાહકો પ્રતિ./કાર્યાલયેથી અંક મેળવી શકશે, નવા વર્ષના પ્રારંભે જ વધી ગયેલ આર્થિક ભારણ ઘટાડવા બરછી વિતરણમાં જેઓની સેવા મળશે તે મૂલ્યવાન નીવડશે. આ સરકારી કસોટી માંથી પાર ઉતારવા જે તે સંબધિત ખાતાઓમાં કાર્યરત હિતેચ્છુ જ્ઞાતિબંધુઓનો અપ્રતિમ સહકાર મળી રહયો છે. છતાં આવતો અંક પ્રધિધ્ધ ન થાય કે મોડો થાય તો ધીરજ અને સહકારની અપેક્ષા રાખીએ છીએ. ફોન/મો.થી સંપર્ક કરતા રહેશો? વધારાનો ખર્ચ ઘટાડવા આ અંક માત્ર નવા વર્ષમાં રીન્યુ થઈ ગયેલા ગ્રાહકોને જ મોકલવામાં આવેલ છે. નીતિ અને નિષ્ઠાના પાઠ પિતાશ્રી શાંતિભાઈએ શીખવ્યા છે ત્યારે તન,મન,ધનના ભોગે પણ 'બરછી'ની પ્રકાશન યાત્રા અટકશે નહીં. –વિ. શાં. ધોળકિયા–તંત્રી.

## પ્રથમ પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

# સ્વ. રસેષભાઈ બિપિનરાય બુચ(ગોંડલ નિવાસી)

જન્મ : ૨૧–૧–૧૯૪૯ સ્વર્ગવાસ : ૨૭–૮–૨૦૧૧



જગતની અનેક સમૃદ્ધિ મળશે પણ કલ્પવૃક્ષ જેવી આપની છાયા કયાંય નહી મળે. આપે અમો સૌ માટે સમગ્રજીવન તનતોડ મહેમત કરીને સુખનો સાગર મૂકતા ગયા. સુખથી કદી છલકાયા નહીં, દુ:ખથી કદી ડગ્યા નહીં. આપનો નીડર અને પરોપકારી સ્વભાવ કદી વિસરાશે નહીં.

પ્રભુ આપના પવિત્ર આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

ગં. સ્વ. નીતાબેન રશેસભાઈ બુચ

સ્વ. બિપીનરાય મણીપ્રસાદ બુચ — ગં. સ્વ. સરિતાબેન બી. બુચ

સ્વ. ઋષિકેશ બી. બુચ — ગં. સ્વ. હિનાબેન બી. બુચ

ધ[illegible]શભાઈ બી. બુચ — અ. સૌ. પારૂલબેન ડી. બુચ

[illegible]શભાઈ બી. બુચ — અ. સૌ. નીલાક્ષી વાય. બુચ

[illegible]ન રસેષભાઈ બુચ — અ. સૌ. શિવાંગી પી. બુચ

ની[illegible]ષ રસેષભાઈ બુચ — અ. સૌ. વૃતા એન. બુચ

[illegible]સી દિક્ષીતભાઈ ધોળકિયા (પુત્રી) — દિક્ષીત જે. ધોળકિયા (જમાઈ)

ચિ. ઈશીત, ચિ. વિદિત

## ધોરણ–૧૨માં ૬૦% કે તેથી વધુ અથવા ગ્રેજ્યુએટ માટે સરકારી નોકરી મેળવવાની સોનેરી તક...

➡ બેંક, પોસ્ટ ઓફિસ, ફૂડ કોર્પોરેશન, સ્ટાફ સિલેકશન, રેલ્વે, તેમજ અન્ય ઘણી જગ્યાઓ માટે અઢળક ભરતી...

➡ અંદાજીત ૩,૦૦,૦૦૦ જગ્યાઓમાં તમે પણ હોઈ શકો છો...

➡ વર્ષો સુધી આપણા નાગર જ્ઞાતિજનોએ સરકારી નોકરીઓમાં જે દબદબો જાળવી રાખ્યો છે એ જ સિલસીલો અમો આગળ વધારવા માંગીએ છીએ.

➡ જ્ઞાતિના દરેક યુવક–યુવતીઓ આ લાભ લઈ શકે તે માટે અમારી કટીબધ્ધતા સાથે અનોખો પ્રયાસ અને તેથી જ જ્ઞાતિજનો માટે ૧૦% સ્પેશીયલ ડીસ્કાઉન્ટ.

➡ હવેથી UPSCના વર્ગો પણ શરૂ કરવામાં આવેલ છે :

➡ CSET પરીક્ષાઓ માટે...

➡ પ્રિલીમીનરી પરીક્ષાના પેપર–૧ અને પેપર–૨ની નવી પેટર્ન મુજબ ખાસ તૈયારી...

➡ ૧ વર્ષનો ફૂલ કોર્ષ..

➡ બેચ ટાઈમ : સવારે ૭ : ૦૦ થી ૮ : ૩૦

સાંજે ૫ : ૩૦ થી ૭ : ૦૦ અને ૭ : ૦૦ થી ૮ : ૩૦

➡ સરકારી નોકરીનો ધ્યેય રાખનાર ઉમેદવારોએ જ સંપર્ક કરવો...

# POSITIVE ACADEMY

♦ ટાઈમ મેનેજમેન્ટ ♦ પેપર પ્રેકટીસ ♦ પૂરતું અભ્યાસ મટીરીયલ

♦ શોર્ટકટ ટ્રીકસ ♦ બેંક અધિકારીઓ દ્વારા જ અભ્યાસ

C/o. માંકડ કલાસીસ, ઈગલ ટ્રાવેલ્સની બાજુમાં,
અકિલા સામે, મોટી ટાંકી ચોક, રાજકોટ–૩૬૦ ૦૦૧.
Mo. 9722883651
Mo. 9428345031 (UPSCની પૂછપરછ માટે)

*An Academy for Youth by Youth*



## રિદ્ધિ માંકડ એમ. ટેક. થયાં

જામનગર સ્થિત શ્રી જગદીપભાઈ તથા સૌ. યોગીનીબેન માંકડનાં પુત્રી રિદ્ધિ એસ. વી.એન.આઈ. ટી. સુરતથી કોમ્પ્યુટર વિષય સાથે ૯.૮૨ સીજીપીએ સાથે એમ. ટેક માં ઉત્તીર્ણ થયાં. કુ. રિદ્ધિ સ્વ. ડો. સી.વી. માંકડના–મુ.વ. નિર્મળાબેન માંકડના પૌત્રી થાય.



## યેશા માંકડ –જીસેટમાં અગ્ર

જામનગર સ્થિત ભરતભાઈ તથા શ્રીમતી દીપાબેન માંકડના પુત્રી અને ડો. વામનભાઈ તથા શ્રીમતી હંસાબેન માંકડના પૌત્રી તથા ભુજ સ્થિત ઉપેન્દ્રભાઈ – શ્રીમતી ભારતીબેન વૈષ્ણવના દોહિત્રી કુ. યેશા માંકડ તાજેતરમાં લેવાયેલ GCET માં ૨૫૦૦૦ વિદ્યાર્થીઓમાંથી ૧૩૦મા ક્રમાંકે તથા જામનગર કેન્દ્રમાં ચોથા ક્રમે ઉતીર્ણ થયાં.



## કલાના કસબી જીગર બુચ

મુંબઈ સ્થિત જીગર મુકેશ બુચ. અભ્યાસ ૧૦ ધોરણ પાસ પરંતુ કલાનો જીવ તેથી દ્રઢ ઈચ્છાશકિતથી નાટય ક્ષેત્રે આગળ વધવાના નિર્ધાર સાથે આ ક્ષેત્રમાં ઝંપલાવ્યું. ઈ ટી વી પરથી પ્રસારિત થતાં નાટક 'છૂટાછેડા' માં પોલીસનો નાનો પણ પ્રભાવશાળી રોલ ભજવ્યો. બાદમાં મુંબઈની જાણીતી નાટય સંસ્થામાં 'વસ્તુપાલ– તેજપાલ'ની કથા પરથી રચાયેલ નાટકમાં કલા પ્રદર્શિત કરવાની તક સાંપડી. ત્યારબાદ બીજી સંસ્થાના નાટક " ગાંધી બીફોર ગાંધી" માટે જીગર બુચને પસંદ કર્યા. આ નાટકમાં કલાના કામણથી જીગર બુચ છવાતા ગયા ને અમેરીકાના ગુજરાતી સમાજના નિમંત્રણથી યુએસએનો અઢી માસનો પ્રવાસ ખેડી આવ્યા. નાટય સંસ્થા તરફથી તમામ ખર્ચ ઉપરાંત રૂા. ૪૦ હજારનો પુરસ્કાર મેળવ્યો. 'જીગર' હોય તો ગમતાં ક્ષેત્રમાં પ્રગતિ માટે શિક્ષણ જરૂરી નથી તે પૂરવાર કરનાર જીગર બુચને અભિનંદન.



## શુભ આશિષ

ધ ઈન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા દ્વારા જૂન–૨૦૧૨ માં લેવાયેલ સી.પી.ટી. ની પરીક્ષા ઉચ્ચ ગુણાંક સાથે પસાર કરી સી.એ.ની કારકિર્દી તરફનું પ્રથમ સોપાન સર કરવા બદલ–ભાવનગર સ્થિત હિના–જયેશ અંતાણીના સુપુત્ર ચિ. પ્રતિકને હાર્દિક શુભ આશિષ..

સ્વ. કુન્દનલાલભાઈ અંતાણી
(દાદા) પરિવાર
જીતુભાઈ વોરા
(નાના) પરિવાર
કિન્નરી–પરેશ કિકાણી (ફઈ–ફુવા)

## કુ. પંકિત ખારોડ–
## એસ.એસ.સી.માં જ્વલંત સફળતા



જૂનાગઢ સ્થિત શ્રી ઉજ્જવલ ખારોડ તથા શ્રીમતી ચેતના ખારોડનાં પુત્રી કુ. પંકિત ખારોડ માર્ચ ૨૦૧૨માં લેવાયેલ ધો. ૧૦ની પરીક્ષામાં ૫૦૦માંથી ૪૭૯ માર્કસ મેળવી ૯૫.૮૦% તથા ૯૯.૯૮ પીઆર સાથે ઉત્તીર્ણ થતાં જ્ઞાતિ તથા અન્ય સંસ્થાઓ દ્વારા સન્માનિત કરવામાં આવ્યાં. અભિનંદન.

કુ. પંકિત સ્વ. કાલીન્દીબેન ભુલાભાઈ ખારોડનાં પાત્રી તથા સ્વ. મયુરાબેન દિપુભાઈ બક્ષીનાં દોહિત્રી થાય છે.

## શ્રી હાટકેશ મિત્ર મંડળ દ્વારા સેવામૂર્તિઓનું મરણોતર સન્માન

છેલ્લાં ૧૦ વર્ષથી કાર્યરત શ્રી હાટકેશ મિત્ર મંડળ , ભાવનગરનાં ઉપક્રમે તા. ૨૮/૭ ના રોજ શિ[illegible]ાકિત હોલ ખાતે શ્રી અક્ષય ઓઝાના પ્રમુખ સ્થાને વિશિષ્ટ પ્રદાન આપનાર ૩ પૂણ્યાત્માઓ– સ્વ. મધુસુદનભાઈ લાભશંકર દેસાઈ, સ્વ. શાંતિશંકર વેણીશંકર મહેતા, તથા સ્વ.વીણાબેન નૈષધભાઈ મહેતાનું પરિવારજનો અને બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં મરણોત્તર અભિવાદન કરવામાં આવેલ..

આ સેવામૂર્તિઓ...સ્વ. મધુસુદનભાઈ દેસાઈ એ નિવૃતિ બાદ પોતાનું જીવન જ્ઞાતિ સેવા માટે સમર્પિત કરી જુદી જુદી આઠ સંસ્થાઓમાં સતત ૨૫ વર્ષ સેવા આપી. આ અવિરત સેવાઝદ્વારા જ્ઞાતિજનોનાં [illegible]ર્થે સંસ્થાઓને આર્થિક રીતે પગભર કરી હતી. જ્ઞાતિ માં એકતા અને અખંડિતતા લાવવામાં મુલ્યવાન યોગદાન આપી આજની પેઢીને જ્ઞાતિ સેવાનો પદાર્થ પાઠ શીખવી ગયા.

જ્ઞાતિના ઋષિપુરૂષ એવા સ્વ. શાંતિશંકર વેણીશંકર મહેતા બર્મા રંગુનથી બેન્ક મેનેજરના હોદ્દા ઉપરથી નિવૃત થઈ માદરે વતન ભાવનગરમાં સ્થાયી થયા. જયાં સ્વ. પ્રદુમ્નરાય માનશંકર દેસાઈના દિવાનપરા રોડ સ્થિત મકાનમાં ' શાંતિ પ્રાર્થના મંદિર" ની સ્થાપના કરી.કથાકાર તરીકે જાણીતા શાંતિભાઈએ અનેકને શુધ્ધ ઉચ્ચારો સાથે શ્રીમદ ભગવદ્ગીતાના શ્લોકો કંઠસ્થ કરાવી સાથે ભાગવત્ કથાઓ દ્વારા ધાર્મિક સંસ્કાર સાથે જીવન ઘડતરનું સિંચન કરાવેલ.

ગરબા રચયિતા અને ગાયિકીના નિપૂણ એવાં સ્વ. વીણાબેન નૈષધભાઈ મહેતાએ મુંબઈ ખાતે ૩૦ વર્ષ સુધી ગરબાનું આયોજન કરી સંસ્કૃતિને ધબકતી રાખી હતી.

આ અભિવાદન બાદ ધોરણ ૮ થી ૧૨ ના તેજસ્વી તારકોને પારિતોષિક વિતરણ કરવામાં આવેલ. અંતમાં પ્રસાદ ભોજનને ન્યાય આપી સૌ છુટા પડેલ.

### મૃદુલાબેન વામનરાય બુચ

**(૩૦-૧૦-૧૯૩૦ થી ૧૪-૬-૨૦૧૨)**

અમદાવાદ સ્થિત સ્વ. મૃદુલાબેનનો જન્મ ૩૦ ઓકટોબર ૧૯૩૦ના રોજ માંગરોળ ખાતે સ્વ. માતુશ્રી નિર્ભયમણિ તથા સ્વ. પિતાશ્રી [illegible]લાલ મુલચંદ વસાવડા (દિવાન સાહેબ)ને ત્યાં થયો હતો. તેઓ તે જમાનામાં મેટ્રિક પાસ થયાં અને મુળ માંગરોળના વામનરાય વિષ્ણુલાલ બુચ સાથે તા. ૧૧-૩- ૧૯૫૦ માં લગ્નગ્રંથિથી જોડાયાં, આજીવન લખલૂટ પ્રેમ વહાવી તેઓએ વસાવડા તથા બુચ કુટુંબવેલને સીંચી હતી. તેઓએ અમેરીકા, મસ્કત, કુવૈતના વિદેશ પ્રવાસ કરી અને બહારની દુનિયા પણ જોઈ,માણી અને અંતમાં ૮૨માં વર્ષે ટૂંકી માંદગી બાદ આ સંસારના બંધનોમાંથી મુકત થઈ ગયાં. પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ આપે એ જ અમારી પ્રાર્થના.

લિ. **વામનરાય વિષ્ણુલાલ બુચના પરિવારજનો**

**નેચરામોર પીઓ...ખુદ જાન જાઓ...**

કોઈપણ રોગનો કુદરતી ઉપચાર, ૨૦ તત્વોનો બનેલ **નેચરામોલ પાવડર** કોઈપણ આડ અસર વગરનો સંપૂર્ણ આયુર્વેદિક છે.

સુંદર મુલાયમ ત્વચા માટે બ્યુટીકેર પણ છે. એકવાર ઉપયોગ કરી ખાત્રી કરી જુઓ.

**વધુ માહિતી માટે લોગઓન કરો :**
www.netsurfnetwork.com

મેળવવા માટે સંપર્ક કરો :

**નીરંજના બાલેન્દુભાઈ મહેતા**

**૯૪૨૮૨ ૯૯૭૦૧, ૭૬૦૦૬ ૦૨૨૭૨**

## રોહન બુચ એમ.બી.એ. થયા

આણંદ સ્થિત સ્વ. ભરતભાઈ ચંદ્રકાન્તભાઈ બુચ તથા વિભાબેન બુચના પુત્ર રોહન બુચ માર્ચ ૨૦૧૨માં એસ. પી. યુનિવર્સિટી વિદ્યાનગર દ્વારા લેવાયેલ એમ.બી.એ. (ફાઇનાન્સ)ની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થઈ કેમ્પસ ઈન્ટરવ્યુમાં પસંદગી પામી આણંદ ખાતે એનડીડીબીના PF&Aમાં ડેપ્યુટી મેનેજર તરીકે જોડાયા.

નાનપણથી જ સંગીતમાં રસરૂચિ ધરાવતા રોહન બુચ સુગમ ગીતોના માહેર કલાકાર છે તેમના ગીતો દૂરદર્શન,ગીરનાર ચેનલ ઉપરથી પ્રસારિત થાય છે તેમજ નવરાત્રિ દરમ્યાન નવ દિવસ થતા અર્વાચીન ગરબા વૃંદમાં કર્ણપ્રિય સુગમ ગીતો, ગરબાઓ દ્વારા સૌને ડોલાવે છે.

અભિનંદન...કારકિર્દી અને કલામાં પ્રગતિ સાધતા રહો તેવી શુભકામના.

## શ્રી કચ્છ સૌરાષ્ટ્ર વડનગરા નાગર મંડળ, અમદાવાદ

શ્રી મંડળની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૫/૭ના રોજ મંડળના ફ્લેટ 'હાટકેશ કૃપા' ખાતે ૯૫ જેટલા રેકોર્ડબ્રેક સદશ્યોની હાજરીમાં યોજાય ગઈ. શરૂઆતમાં કાર્યકારી પ્રમુખશ્રી જનાર્દનભાઈ બુચે સભ્યોનું સ્વાગત કર્યા બાદ દિવંગત આત્માઓને શ્રધ્ધાંજલિ આપવામાં આવેલ. મંત્રીશ્રીના અહેવાલ વાંચન બાદ વર્ષ દરમ્યાન કરવામાં આવેલી વિવિધ પ્રવૃત્તિઓની વિગતો આપ્યા બાદ શ્રી કુલીનભાઈ વસાવડાએ હિસાબો રજૂ કરેલ. જેમાં જણાવ્યા મુજબ તા. ૩૧/૩ના રોજ મંડળનું ભંડોળ ૮૫ લાખના આંકડે પહોંચ્યું. ચાલુ વર્ષ દરમ્યાન ૭ લાખ ૮૦ હજારનું અનુદાન મળ્યું. છેલ્લા ત્રણ વર્ષમાં ભંડોળમાં ૫૩% જેટલો વધારો થયો. સર્વાનુમતે હિસાબો પસાર કરવામાં આવેલ. ત્યારબાદ ટ્રસ્ટીશ્રી મહેશભાઈ વસાવડાએ પ્રશંસનીય અને કરકસરયુકત વહીવટ માટે કારોબારી સમિતિને અભિનંદન આપી જ્ઞાતિજનોના સ્વયંભૂ સહકાર બદલ સૌનો આભાર માનેલ.

બાદમાં ચૂંટણી પ્રક્રીયાનો પ્રારંભ કરવામાં આવેલ જેમાં આગામી ૫ વર્ષ માટે ત્રણ ટ્રસ્ટી તરીકે શ્રી મહેશભાઈ વસાવડા, શ્રી અતુલભાઈ કીકાણી તથા શ્રી નિલકંઠભાઈ ધોળકિયાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જ્યારે આગામી ત્રણ વર્ષ માટે કુલ ૧૯ ઉમેદવારોમાંથી ૧૨ સભ્યો સર્વશ્રી ડો. જયંતભાઈ વસાવડા, અમીત દેસાઈ, કુલીનભાઈ વસાવડા, નિલીમા વૈશ્નવ, પદ્મીન બુચ, જનાર્દન બુચ, વિભાકર ઘોડા, પરેશ અવાશીયા, હર્ષિધ્ધ ઘોડા, હેમાંગ કચ્છી, ચૈતન્ય છાયા, જયેન્દ્ર વસાવડાને ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. જેમાંથી નીચે મુજબ હોદેદારોની વરણી કરવામાં આવી હતી. પ્રમુખ – ડો. જયંતભાઈ વસાવડા, ઉપપ્રમુખ–શ્રી જનાર્દનભાઈ પી. બુચ, મંત્રી–શ્રી અમીત દેસાઈ, સહમંત્રી–શ્રી પદમીન બુચ તથા કુ. નિલીમા વૈશ્નવ, કોષાધ્યક્ષ–શ્રી કુલીન વસાવડા.


ચૂંટણી પ્રક્રીયાનું સંચાલન શ્રી દિનેશભાઈ બુચે કર્યું હતું. વિદાય લઈ રહેલા ટ્રસ્ટીશ્રી રઘુવીરભાઈ ખારોડની સેવાઓની નોંધ લઈ શુભેચ્છા પાઠવવામાં આવી હતી.અલ્પાહારના અંતે સભા સંપન્ન થયેલ.

## કુ. દિશા ખારોડ – બી. કોમ.



જૂનાગઢ સ્થિત શ્રી ઉજ્જવલ ખારોડ તથા શ્રીમતી ચેતના ખારોડનાં પુત્રી કુ. દિશા ખારોડ એપ્રિલ ૨૦૧૨માં લેવાયેલ બી. કોમ.ની પરીક્ષામાં ૭૫% સાથે ઉત્તીર્ણ થયા બાદ સી. એ. ફાઇનલની તૈયારી કરી રહયાં છે. કુ. દિશા સ્વ. કાલિન્દીબેન ભુલાભાઈ ખારોડનાં પૌત્રી તથા સ્વ. મયુરાબેન દિપુભાઈ બક્ષીનાં દોહિત્રી થાય છે. અભિનંદન.

## મત્સ્ય વિજ્ઞાનના મહારથી – શ્રી અભય દેસાઈ



જૂનાગઢની બહાઉદીન કોલેજના નિવૃત્ત પ્રિન્સીપાલ શ્રી વાય. પી. દેસાઈના પુત્ર અને જામનગરના હર્ષદરાય ભગવંતરાય ધોળકિયાના જમાઈ અભયકુમાર યોગેન્દ્રરાય દેસાઈએ પોતાની કારકિર્દીની શરૂઆત બહાઉદીન વિજ્ઞાન કોલેજથી કરી અને વર્ષ ૧૯૯૨માં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી અને ગુજરાત રાજ્ય હસ્તકની એકમાત્ર વિજ્ઞાન કોલેજમાં જોડાયા બાદ ૧૯૯૯થી ૨૦૧૧ સુધી ઈન્ચાર્જ પ્રિન્સીપાલ અને ફેકલ્ટી ડીન તરીકે સેવાઓ આપી. શ્રી દેસાઈની વહીવટી કુનેહ અને ફરજનિષ્ઠાની કદર કરી કાયમી પ્રિન્સીપાલ અને ફેકલ્ટી ડીન તરીકે નિમણુંક કરવામાં આવી છે.

તેઓ ગુજરાત રાજ્ય બાયોડાઈવર્સિટી બોર્ડના સભ્ય, રાષ્ટ્રીય કક્ષાએ તેઓ એશિયન ફીશરીઝ સોસાયટી ઈન્ડીયન બ્રાંચમાં એકઝીકયુટીવ મેમ્બર તરીકે નિયુકત થયેલા છે. તાજેતરમાં તેઓને જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના નિયામક મંડળના સભ્ય તરીકે પણ આગામી ત્રણ વર્ષ માટે નિમવામાં આવ્યા છે.

શિક્ષણમાં ભેખધારી યોગદાન દ્વારા જ્ઞાતિને ગૌરવ બક્ષનાર (આ તકે પિતા) પુત્રને સલામ !



## કુ. ખ્યાતિ ચિરંતન પટ્ટણી સી. એ. થયાં


વડોદરા સ્થિત મુ. વીણાબેન હરિપ્રસાદ પટ્ટણીનાં પૌત્રી તેમજ શ્રીમતી મનિષા (માયા) પટ્ટણી અને ચિરંતન હ. પટ્ટણીનાં પુત્રી કુ. ખ્યાતિ મે–૨૦૧૨માં લેવાયેલ સી. એ.(ફાઇનલ) પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પદવી મેળવી છે.

## અર્ચિત અંતાણી સી. એ. થયા

મૂળ ભુજના વડોદરા સ્થિત શ્રીમતી આશા દુષ્યંત (બરછી પ્રતિનિધી) અંતાણીના પુત્ર નિર્જયના લઘુબંધુ અર્ચિત અંતાણી એ ધ ઇન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા દ્વારા મે–૨૦૧૨માં લેવાયેલ સી. એ.(ફાઇનલ) પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પદવી પ્રાપ્ત કરી છે.

અર્ચિત સ્વ. શ્રીમતી ભાનુમતીબેન મનસુખલાલ એમ. અંતાણીના પૌત્ર તથા શ્રીમતી ભારતીબેન હરિપ્રસાદ એસ. ધોળકિયાના દોહિત્ર થાય.


અભિનંદન અને આંકડાની માયાજાળ સાથે જીવનનાં દરેક ક્ષેત્રે પ્રગતિ કરો તેવી શુભકામના



## મનન ધોળકિયાએ એમ.સી.એ.ની પદવી મેળવી

સ્વ. પદ્માબેન ચંદનભાઈ ધોળકિયાના પૌત્ર અને શ્રીમતી અલ્કાબેન પ્રમોદરામ ઓઝાના દોહિત્ર તે શ્રીમતી રાજેશ્વરી રાજીવ ધોળકિયાના પુત્ર મનન ધોળકિયાએ ડીસ્ટીંગ્શન સાથે એમ.સી.એ.ની પદવી પ્રાપ્ત કરી.

## જીજ્ઞેશ ધોળકિયાને પી.એચડી.ની ઉપાધિ



સ્વ. પદ્માબેન ચંદનભાઈ ધોળકિયાના પૌત્ર અને સ્વ. બિંદુબેન તથા સ્વ. રમણિકભાઈ બુચના દોહિત્ર તે શ્રીમતી ભારતીબેન લલિતકુમાર ધોળકિયાના પુત્ર જીજ્ઞેશ ધોળકિયાએ એમ.એસ. યુનિવર્સિટીમાંથી 'Applied Mathematics' વિષયમાં પી.એચડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી. – દાદા ચંદનભાઈનો શિક્ષણનો વારસો દિપાવવા બદલ ભાઈ મનન–જીજ્ઞેશને અભિનંદન.

# ERPM પ્રોગ્રામ અર્થે દિગંત છાયા ટોકીયો જઈ આવ્યા



અંકલેશ્વર ખાતે લુપિન લિમીટેડ ફાર્મા કંપનીમાં સિનિયર મેનેજમેન્ટ એચ. આર. તરીકે કાર્યરત શ્રી દિગંત (રાજકોટના પ્રા. દુષ્યંતભાઈ અને નિરૂપમાબેન છાયાના પુત્ર) છાયા જાપાન સરકારના ઉપક્રમે ટોકીયો ખાતે યોજાયેલ આઇ.આર. અને એચ.આર. માર્કેટીંગના ERPM પ્રોગ્રામ માટે પસંદગી પામી ૧૨ દિવસના કાર્યશાળા–પ્રવાસે જાપાન જઈ આવ્યા.

આ પ્રોજેકટ પ્રોગ્રામ સમગ્ર વિશ્વસ્તરનો હોવાથી કપરી પસંદગી માંથી પસાર થઈ કુલ ૧૬ દેશમાંથી આવેલ અસંખ્ય નોમીનેશન માંથી ઉત્કૃષ્ઠ ગુણવત્તાસભર પ્રેઝન્ટેશનમાંથી ભારતના બે પ્રતિનિધીઓમાં દિગંત છાયા જાપાન ગવર્નમેન્ટ તથા ધ ઓવરસીઝ હયુમન રીસોર્સ એન્ડ ઈન્ડ. ડેવ. એશો. જાપાન દ્વારા પસંદગી પસંદગી પામ્યા હતા.જ્યાં તેમના પ્રોજેકટ દરમ્યાન ચીન, વીએટનામ, પાકિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા, ઈન્ડોનેશીયા દેશના પ્રતિનિધીઓ સાથે ઔદ્યોગિક પરિસ્થિતિ અને એચ.આર.ડી. અંગેના નૂતન અભિગમો વિષયક વિસ્તૃત ચર્ચામાં ભાગ લીધેલ. તેમનું પ્રેઝન્ટેશન પ્રશંસનીય બનેલ. ૨૫ પ્રતિનિધીઓમાં તેઓને 'મોસ્ટ ડીસીપ્લીન્ડ પાર્ટીશીપન્ટ'નો એવોર્ડ પણ પ્રાપ્ત કરી શિક્ષણ સાથે સંકળાયેલા માતા પિતાના સ્વયંશિસ્તના સંસ્કારને ઉજાળેલ.

તેઓને જાપાન સરકારના મહેમાન તરીકે તમામ સુવિધાઓ, ખાનપાન સાથે ટોકીયો, નાગોયા, કયોટા શહેરના અનેક સુંદર સ્થળોનો પ્રવાસ માણવાની પણ તક સાંપડી.

આ બદલ જુનિયર્સ ચેમ્બર્સ ઈન્ટરનેશનલના નેશનલ પ્રેસિડન્ટના હસ્તે ભરૂચ ખાતે યોજાયેલ સમારંભમાં દિગંત છાયાનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત એમ્પ. ફેડરેશન ઈન્ડિયા દ્વારા તા. ૬ સપ્ટે.ના રોજ મુંબઈ ખાતે યોજાનાર ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં પણ તેમનું સન્માન કરવામાં આવનાર છે.

(પોતાના હોદ્દાનો ઉપયોગ કરી જ્ઞાતિના યોગ્ય ઉમેદવારને કંપનીમાં નોકરી માટે કરેલ તરફેણ અને વારસામાં મળેલ વફાદારી અને નિષ્ઠાપૂર્વકની બજાવેલ ફરજનું આ સુફળ ભાઈ દિગંતે મેળવ્યું છે. આમ અનેક રીતે કુટુંબ અને જ્ઞાતિને ઉજાળવા બદલ અભિનંદન.)

## અનંતના યાત્રીઓ :

– શ્રીમતી હીનાબેન હરીતભાઈ નાણાવટી – જૂનાગઢ/ શ્રી પ્રવિણચંદ્ર દીનકરરાય ઝાલા – ૮૨ વર્ષ – જૂનાગઢ / મંગેશભાઈ બાબુરાય છાયા – ૭૦ વર્ષ – જૂનાગઢ / મંદાકિનીબેન ચાંદાભાઈ ખારોડ – જૂનાગઢ / અચ્યુતભાઈ અમૃતરાય વોરા – ૭૭ વર્ષ – વડોદરા / રમેશચંદ્ર ભાસ્કરરાય માંકડ – ૭૧ વર્ષ – વડોદરા / રમેશભાઈ ભાસ્કરભાઈ માંકડનું વડોદરા ખાતે. / સુરેખાબેન નીરંજનભાઈ રીંડાણી – ૭૩ વર્ષ – રાજકોટ / શ્રીમતી મનહરબાળાબેન કુંદનલાલ મારૂ – ૮૫ વર્ષ – રાજકોટ / કુંજલતાબેન પ્રભાકરભાઈ બુચ–રાજકોટ / ઈન્દ્રવદનભાઈ આચાર્ય – ૮૫ વર્ષ – જામનગર (દેહદાન કર્યું) / હેમંતીબેન કૌશિકભાઈ આચાર્ય – જામનગર / કેયુર ઉપેન્દ્રભાઈ ધોળકિયા – ૪૬ વર્ષ – મુંબઈ / સૌ. પ્રજ્ઞાબેન મહેશભાઈ નાણાવટી – ૬૦ વર્ષ – અમદાવાદ / જયંતભાઈ ધીરજલાલ દિવાનનું –૮૬ વર્ષ – મુંબઈ / હેમંતભાઈ ત્રંબકલાલ વછરાજાની– ગોંડલ / ગં. સ્વ. દમયંતીબેન ગીરીશભાઈ છાયા – ૮૫ વર્ષ – મહેસાણા / શ્રુતિબેન હિમાંશુભાઈ ઓઝાનું અમદાવાદ ખાતે. / અંજનીબેન ભવ્યકેતુ દેસાઈનું ૭૫ વર્ષ ભાવનગર / કુ. પરીન્દા અનુપમ પટ્ટણીનું ૨૧ વર્ષની વયે ભુજ ખાતે. / રંજનબેન અમિયતરાય વૈશ્નવ – ૭૧ વર્ષ – ભુજ / હરસુખરાય રામપ્રસાદ વૈશ્નવ – ૯૦ વર્ષ – પોરબંદર.

## ગર્વિત હાથી – એમ. ફાર્મમાં પ્રવેશ



રાજકોટ નિવાસી દિનેશચંદ્ર અને શ્રીમતી મીનાબેન હાથીના પુત્ર ગર્વિત હાથીએ તાજેતરમાં લેવાયેલ GPAT માં રાષ્ટ્રીય સ્તરે ૬૧માં ક્રમાંકે તેમજ NIPER દ્વારા લેવાયેલ રાષ્ટ્રીય સ્તરની પરીક્ષામાં ૬૦મા ક્રમે ઉત્તીર્ણ થઈ 'NIPER' અમદાવાદ ખાતે એમ. ફાર્મમાં પ્રવેશ મેળવ્યો. ગર્વિત હાથી સ્વ. નરેન્દ્રરાય અને મૃદુલાબેન હાથીના પૌત્ર અને સ્વ. ઈન્દ્રવદન મહારાજા અને સ્વ. સવિતાબેન મહારાજાના દોહિત્ર થાય.

## કૃતાર્થ દેસાઈ સી. એ. થયા

મૂળ વસાવડના અને ભરૂચ સ્થિત શ્રીમતી હીનાબેન અને કેયુરભાઈ દેસાઈના પુત્ર કૃતાર્થ તાજેતરમાં લેવાયેલ સી. એ. ફાઈનલની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ માત્ર ૨૨ વર્ષની વયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પદવી મેળવી. તેઓ ભરૂચના પ્રસિધ્ધ સી.એ.સાથે પાર્ટનર તરીકે જોડાયા છે અને સાથે કંપની સેક્રેટરી અને લોનો અભ્યાસ કરી રહયા છે.

કૃતાર્થ સૌ. તરલીકાબેન રમેશચંદ્ર દેસાઈના પૌત્ર અને સૌ. હરિકાન્તાબેન કૌશિકરાય ઢેબરના દોહિત્ર થાય.

## યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાને ડો. રાજ રીંડાણી



જૂનાગઢનાં શ્રીમતી નિયતીબેન કુમુદચંદ્ર જીકાર તથા જામનગરના શ્રી મૃગેન્દ્ર હરિહરરાય રીંડાણીના પુત્ર રાજ એમ. રીંડાણીએ ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાયેલ ફિઝીયોથેરાપી (ફાઇનલ) પરીક્ષામાં સમગ્ર યુનિ.માં પ્રથમ સ્થાને ઉત્તીર્ણ થયા.

વિવિધ સંસ્થાઓ દ્વારા સન્માનિત ડો. રાજને જૂનાગઢનાં 'સમસ્ત નાગર વિદ્યોતેજક મંડળ' દ્વારા પણ 'વિશિષ્ટ સિદ્ધિ' સન્માન પારિતોષીકથી નવાજવામાં આવ્યા.

## કુ. નૈસર્ગી મહેતા બી.ઇ.માં યુનિવર્સિટીમાં ત્રીજાં સ્થાન સાથે ઉત્તીર્ણ

ભાવનગર સ્થિત શ્રીમતી સ્નેહલબેન તથા પાર્થિવભાઈ મહેતાનાં પુત્રી કુ. નૈસર્ગી મહેતા (તે સ્વ. વિલાસબેન તથા શ્રી જયુભાઈનાં પૌત્રી અને ગં. સ્વ. ચારૂબેન તથા સ્વ. હરકાન્તભાઈ મજમુદારનાં દોહિત્રી)એ વિધાનગરની બિરલા મહાવિશ્વવિધાલયમાંથી જીટીયુ દ્વારા લેવાયેલ બી.ઈ.(આઈ.ટી ) ના આઠમાં સેમેસ્ટરમાં ૯૪% સાથે યુનિવર્સિટીમાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કરી જ્વલંત સફળતા મેળવી છે. તાજેતરમાં ત્રિવેન્દ્રમ ટીસીએસમાં તાલીમ લઈ મુંબઈ ખાતે ટી સી એસ.માં જોડાશે.

અભિનંદન સહ ઉજજવળ તથા ભાવિની શુભકામના.

## શ્રી જૂનાગઢ વ. ના. જ્ઞાતિ પરિવાર

આ સંસ્થાના ઉપક્રમે તા. ૧૦/૬ના રોજ જૂનાગઢથી ૨૦ કિ.મી.ના અંતરે આવેલ શ્રી રગતિયાદાદાની જગ્યાના પ્રવાસનું આયોજન થઈ ગયું. જેમાં ૧૦૦થી વધુ સભ્યોએ જોડાયને શિવતાંડવ,ગીતસંગીત બાદમાં ભોજનનો આનંદ માણ્યો હતો. પ્રવર્તમાન સંજોગો અનુસાર બે નૂતન વિચારો રજૂ થયેલ. જે મુજબ ચક્ષુદાન માટે ૨૫ જેટલાં સંકલ્પપત્ર મળેલ. બીજા વિચારમાં આજે ઉઠમણું કે પ્રાર્થનાસભા જેવી લૌકિક ક્રિયા માત્ર ઔપચારીક બની ગયેલ છે, તે બંધ રાખવા જ્ઞાતિજનો વિચારે તેવા દ્રઢ વિચારો રજૂ થયેલ. (સત્ય : મિલનસમારંભ..! પહેલ કરવા જેવો વિચાર ખરો.)

તા. ૨૨/૭ના રોજ સંસ્થાના ઉપક્રમે ફરાળી વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવતાં ૨૨ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ત્યારબાદ શ્રાવણ માસને અનુલક્ષીને શિવસંધ્યાનું આયોજન કરવામાં આવેલ.

# – – – લગ્ન વિષયક જાહેરાત – – –

**નવા ગ્રાહકો માટે :** રાત્રે ૮ થી ૯ દરમ્યાન કાગળ પેન તૈયાર રાખી ફોન : ૦૨૮૧– ૨૪૫૩૦૬૩ ઉપર ફોન કરવાથી આપને જે ક્રમનંબરના પાત્ર માટે ફોન નંબર જોઈતા હોય તેનો ક્રમ નંબર કહેવાથી તે ફોન/મો. નંબર આપવામાં આવશે. ત્યારબાદ આપે સીધો સંપર્ક કરી પૂરી માહિતી મેળવી લેવાની રહેશે.

(૧) બી.કોમ., ડીપ્લોમા એવીએશન, ૨/૧૯૮૬, ૫'.૪" ઉંચાઈના ઈન્ડીગો એરલાઈન્સ કું.માં અમદાવાદ ખાતે નોકરી કરતા–સાદો મંગળ છે.– યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧–

(૨) ડીપ્લોમા સીએડી/સીએએમ, જ. ૭/૧૯૮૩, ૫'.૧૦" પ્રા. લી. કંપનીમાં માર્કેટીંગ ઓફીસર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક :

(૩) બી.કોમ., કોમ્પ્યુ. ૭/૧૯૮૨, ૫'.૩" ઉ., પ્રા. કંપનીમાં નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : ૦૨૬૫–

(૪) બી.કોમ., એમબીએ., ૬/૧૯૮૩, ઉંચાઈ ૫'.૧૧" એકસીસ બેંકમાં મેનેજર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧–

(૫) બી.એ.એમ.એસ.(આયુ.ડોકટર)૧૨/૧૯૮૭ ના. બ્રા. કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૮–

(૬) બી.કોમ., ૨૮ વર્ષના નોકરી કરતા ના. બ્રા. યુવકને કન્યા. સંપર્ક : ૯૪૨૬૭૮૭૯૩૮

(૭) બી.ઈ. (સી.ઇ.)જ. '૮૩, ૫'.૩" સીસ્ટમ એન્જી. તરીકે નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : ૦૨૭૮–

(૮) બી.કોમ., એમબીએ, જ. ૭/૧૯૮૭, ૫'.૫" ઉંચાઈ, અમદાવાદ ખાતે પ્રા. લી. કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૭૮–

(૯) બી.કોમ.,બી.લીબ.,એમ.લીબ(ચાલુ) જ. ૫/૧૯૮૯, ઉંચાઈ ૫'.૫", કોર્પોરેશન બેંકમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૮–

(૧૦) એમ.એસસી. જ. ૫/૧૯૮૫, ૫'.૬" ઉંચાઈ ક્રાઇસ્ટ કોલેજમાં લેકચરર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧–

(૧૧) બી. ઈ. (ઈન્સ્ટ્રુમેન્ટ) જન્મ : ૩/૧૯૮૬, ઉંચાઈ : ૫'.૪", એમએનસી કંપનીમાં નોકરી કરતા માંગલિક યુવકને કન્યા. સંપર્ક : ૦૨૬૫ –(૧૨) એમ.કોમ., એમ.બી.એ., જ. ૧૨/૧૯૮૨, ઉંચાઈ ૫'.૮"બેંકમાં ઓફીસર તરીકે નોકરી કરતા માંગલિક યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧–



## જલદીપ વસાવડા એમ.ઇ. થયા

રાજકોટના જલદીપ રાજેશભાઈ વસાવડા બીટસ પિલાની'માંથી એમ.ઇ.(સી.ઇ.)માં ડીસ્ટીંગ્શન સાથે ઉત્તીર્ણ થઈ હૈદ્રાબાદ ખાતે માઈક્રોસોફ્ટ કંપનીમાં સોફટવેર એન્જીનીયર તરીકે પસંદગી પામ્યા છે. અભિનંદન.



## બાળ નૃત્યાંગન ચિ. આયુષી ધોળકિયા

વડોદરા સ્થિત ડો. મૌલેશ ધોળકિયાનાં પુત્રી ચિ. આયુષીએ માત્ર ૯ વર્ષની વયે પૂના ખાતે અખિલ ભારતીય સાંસ્કૃતિક કાર્યક્રમમાં એકાંકી નૃત્ય (સોલો ડાન્સ)માં ભાગ લઈ પ્રથમ પુરસ્કાર મેળવ્યો. આયુષી વડોદરા દૂરદર્શનના યોજાતા કાર્યક્રમ તથા હરિફાઈમાં દર વર્ષે ઈનામો પ્રાપ્ત કરે છે. ડાન્સ આયુષી ડાન્સ...!

બરછીની વેબસાઈટ www.barchhi.com/kkb ઉપર આપના **ગ્રા. નં.** સાથે કોઈએક નંબર રજીસ્ટર કરવા વિનંતી જેથી SMSથી આવતા અંક માટે એક સાથે દરેકને સંદેશો મોકલી શકાય. –તંત્રી

## –:–:– સમાચાર સંચય –:–:–

**મુંબઈ :** શ્રી ચેતન રસિકલાલ ધોળકિયા બેંક ઓફ બરોડા અત્રેથી ચીફ મેનેજર તરીકે બઢતી સાથે દમણ બદલાયા.

– કુ. શિવાની દેવેન્દ્ર અંજારીયા ગાંધર્વ સંગીત મહાવિદ્યાલય તરફથી લેવાયેલ ભારતનાટયમ્ પરીક્ષાના ત્રીજા વર્ષમાં ડીસ્ટીંગ્શન સાથે ઉત્તીર્ણ થયાં

**વડોદરા :** શ્રીમતી નીતાબેન મયંકભાઈ દેસાઈને કોર્પોરેશન બેંકમાં સ્પે. આસી. તરીકે બઢતી મળી. મયંકભાઈ દેસાઈ સેન્ટ્રલ બેંકમાં સુરતથી વડોદરા બદલાયા.

– ધર્માંગ તથા જયમાંગ શિરીષભાઈ બુચ, યજ્ઞેશભાઈ બક્ષી, કૃતાર્થ માંકડ, જયંત વૈશ્નવ વૈષ્ણવીદેવી, અમરનાથ, કાશ્મીર, અમૃતસરની યાત્રા-પ્રવાસે જઈ આવ્યા.

– નાણાવટી વિદ્યોતેજક ગ્રુપ વડોદરા દ્વારા ગુજરાતમાં વસતા નાગર તથા નાગર બ્રાહ્મણ વિદ્યાર્થીઓને ગુણવત્તાના ધોરણે વર્ષ ૨૦૧૨ માટે પારિતોષિક આપવામાં આવશે. માર્ચ ૨૦૧૨ માં ગુજરાત બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ ૧૦, ધોરણ ૧૨ (વિજ્ઞાન પ્રવાહ) માં ૮૦% કે તેથી વધુ અને ધોરણ ૧૨(સામાન્ય પ્રવાહ) માં [illegible]૫% કે તેથી વધુ ગુણ મેળવીને ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીએ તા. ૩૧ ઓકટોબર ૨૦૧૨ સુધીમાં ગુણપત્રકની પ્રમાણિત નકલ, સરનામા અને ફોનનંબર સાથેની અરજી ડો. રવિન્દ્ર એસ. નાણાવટી," બિ[illegible]મત્ર" એ-૧૮,ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી, ન્યુ સમા રોડ, વડોદરા-૩૯૦૦૨૪ ખાતે મોકલી આપવી.

– કૃતાર્થ હિમાંશુભાઈ અંજારીયા ટોરેન્ટ ફાર્માસ્યુટીકલ્સમાં દહેજ ખાતે પરચેઝ ઓફીસર તરીકે જોડાયા.

– અત્રેના સી. એ. હિતાર્થ મયુર દેસાઈ ભરૂચ સ્થિત મલ્ટીનેશનલ કંપની 'કોહલર'માં ચાર્ટર એકાઉન્ટન્ટ તરીકે જોડાયા.

– ધ[illegible]શ મયંકભાઈ દેસાઈ એમ. એસ. યુનિવર્સિટી માંથી બી. ઇ. (મીકે.)માં ૭૮% સાથે ઉત્તીર્ણ થઈ જમશેદપુર સ્થિત 'ટેલ્કોન' કંપનીમાં જોડાયા.

**રાજકોટ :** ડીવીઝનલ હોસ્પિટલ ઓફીસ સુપ્રિટેન્ડન્ટ તરીકે ફરજ બજાવતા શ્રી જે. ડી. વસાવડાને ચીફ મેડીકલ ડાયરેકટર મુંબઈની વડી કચેરી તરફથી વર્ષ ૨૦૧૧-૧૨ની ઉત્કૃષ્ઠ કામગીરી બદલ મેરીટ સર્ટીફીકેટ અને રોકડ પુરસ્કાર એનાયત થયાં.

– જીગર રમેશભાઈ વસાવડા બી. ફાર્મમાં ડીસ્ટીંગ્શન સાથે ઉત્તીર્ણ થઈ એમ. ફાર્મ.માં આર. એ.માં પ્રવેશ મેળવ્યો.

– રાજેશકુમાર ભરતપ્રસાદ વસાવડા પીજીવીસીએલ.માં એકઝીકયુટીવ એન્જીનીયર તરીકે બઢતી સાથે જસદણ બદલાયા.

– દીપશીખા મંડળ દ્વારા યોજાયેલ વાનગી સ્પર્ધામાં શ્રીમતી સુધાબેન હિતેષ ધોળકિયાએ પ્રથમ સ્થાન મેળવ્યું.

– તુ[illegible]ન ઉત્કલ વૈશ્નવ એલ. જી. ધોળકિયા સ્કૂલમાં ગુરૂપૂર્ણિમાના ઉપલક્ષ્યમાં યોજાયેલ વકૃત્વ સ્પર્ધામાં 'ગુરૂ મહિમા' વિષય ઉપર વકતવ્ય આપી ધો. ૮માં પ્રથમ અને ધો. ૮થી ૧૧ની સ્પર્ધામાં દ્વિતીય સ્થાન મેળવી પ્રમાણપત્ર અને પારિતોષીક મેળવ્યાં.

– ભાસ્કર ગ્રુપ અયોજીત 'નેશનલ લેવલની બ્રેઇન હન્ટ-૨૦૧૨' સ્પર્ધામાં ગ્રુપ-માં અત્રેનાં વિશ્વા મેહુલભાઈ વૈશ્નવ વિજેતા જાહેર થયાં.

– મેહૂલ વૈશ્નવ સહપરિવાર બદ્રીનાથ કેદારનાથની યાત્રાએ જઈ આવ્યાં.

## કલમ કડછી બરછી – ઓગષ્ટ-૨૦૧૨

- અત્રેના હિતેષ ધોળકિયા, આશિષ નાણાવટી, ભાવેશ બુચ તથા નિર્મિત છાયા અમરનાથની કઠીન યાત્રાએ જઈ આવ્યા.
- અત્રેના જાણીતા ક્રિકેટર અર્પિત વ્યોમેશ વસાવડા સી.એ.જી. તરફથી દિલ્હી રમી આવ્યા.
- અત્રેના પાર્થ કિરણ વસાવડા ઈન્ડીયન ડેરી મશીનરી કોર્પોરેશન (એન.ડી.ડી.બી.ના સીસ્ટર કન્સર્ન)માં વલ્લભવિદ્યાગર ખાતે જોડાયા.

**સુરત :** કુ. દિશા અલ્કેશ વસાવડા પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ.માં ૭૨% સાથે SMIMER કોલેજમાં પ્રથમ અને યુનિવર્સિટીમાં ચોથું સ્થાન મેળવી ઉત્તીર્ણ થયાં.

**ભાવનગર :** તાજેતરમાં વિશ્વ રકતદાતા દિવસના અવસરે ભાવનગર બ્લડ બેંક અને 'સૌરાષ્ટ્ર સમાચાર'ના સંયુકત ઉપક્રમે યોજાયેલ રકતદાન શિબિરમાં શ્રી જયેશ કુન્દનલાલ અંતાણીએ ૧૦૮મી વખતનું જ્યારે તેમના યુવા પુત્ર પ્રતિકે ૫મી વખત રકતદાન કરતાં આ બેલડીને સ્મૃતિભેટ આપી સન્માનિત કરવામાં આવેલ. પિતા પુત્રના સંયુકત રકતદાનની ઘટનાને સ્થાનિક ન્યુઝચેનલોએ પ્રાધાન્ય આપી ચમકાવેલ.

- પ્રતિક જયેશભાઈ અંતાણીએ I.C.A.I.દ્વારા જૂન-૨૦૧૨માં લેવાયેલ C.P.T. પરીક્ષા ઉચ્ચ ગુણાંક સાથે પસાર કરી સી.એ.ની કારકિર્દી તરફના પ્રથમ સોપાનમાં સફળતા મેળવી.
- દેવેન્દ્રભાઈ મોતીલાલ દેસાઈ સ્મારક સમિતિ તરફથી તેમનાં પૌત્રી ડો. કૈરવીબેન દ્વારા પ્રતિ વર્ષ મુજબ જરૂરતમંદ વિદ્યાર્થીનીને શિક્ષણ માટે રૂા. ૧૦ હજાર સુધીની શિષ્યવૃત્તી આપવામાં આવનાર છે તથા વર્ષ દરમ્યાન શિક્ષણમાં શ્રેષ્ઠતમ વિદ્યાર્થીનીને 'સ્મૃતિપદક' આપવામાં આવશે. વિશેષ માટે સંપર્ક : ડો. કૈરવીબેન, ૩૦૨ કલ્પસૂત્ર એપાર્ટમેન્ટ, કાળુભા રોડ, ભાવનગર.

**જામનગર :** વિશ્વ વિખ્યાત ક્રિકેટર વિનુ માંકડની પૂણ્યતિથિ નિમિત્તે કોર્પોરેશન તરફથી ક્રિકેટ બંગલા પાસે મુકવામાં આવેલ પ્રતિમાને જામનગર વ. ના. જ્ઞાતિ તરફથી જ્ઞાતિ પ્રમુખ શ્રી સુરેશભાઈ નાણાવટીએ જાણીતા ક્રિકેટરો, જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં ફૂલહાર કરી શ્રધ્ધાસુમન આપ્યાં.

શ્રી મંડળ દ્વારા યોજાયેલ વિસરાતી જતી વાનગી સ્પર્ધામાં શ્રીમતી ઈતિ જે. છાયાએ ટોપરાધારી બનાવી પ્રથમ ઈનામ મેળવેલ.

- અત્રેના ડો. ભરતભાઈ બક્ષી તરફથી તેઓનાં પત્ની સ્વ. કોકીલાબેન બક્ષીની દિવાસાના રોજ જન્મતિથિ સાથે જ પિતાશ્રી સ્વ. એચ. પી. બક્ષીની આ જ તિથિએ ૧૦૦મી જન્મજયંતિ નિમિત્તે હાટકેશ્વરમાં લઘુરુદ્રનું આયોજન કરાતાં સ્નેહીઓ, કુટુંબીજનોએ દર્શન અને લાડુના જમણનો લાભ લીધેલ.
- અત્રેનાં કુ. શૈલી ભરતભાઈ -દીપાબેન માંકડને તેમની આર્ય સમાજ શાળામાં ધો. ૮ થી ૧૨ની વિદ્યાર્થીનીઓ માંથી અભ્યાસ તથા ઈતરપ્રવૃત્તિઓમાં શ્રેષ્ઠ દેખાવ બદલ 'બેસ્ટ સ્ટુડન્ટ'નો રનીંગ શીલ્ડ એનાયત કરવામાં આવ્યો.

**જૂનાગઢ :** કુ. હિરલ સ્નેહલભાઈ વોરા એમ.બી.એ.(એચઆર)માં ૮૮% સાથે ઉત્તીર્ણ થઈ નોબલ ગ્રુપ ઓફ ઈન્સ્ટીટયુશનમાં આસી. પ્રોફેસર તરીકે જોડાયા.

**ભુજ :** મહારાવશ્રી વિજયરાજજી લાયબ્રેરીના ઉપપ્રમુખ તરીકે શ્રી પંકજભાઈ વૈશ્નવ અને મંત્રી તરીકે શ્રી હરેશભાઈ ધોળકિયાની વરણી થઈ.

---

**માફ કરશો..** કોમ્પ્યુટરમાં આ અંકના ૨૦ પાના તૈયાર થઈ ગયા બાદ પા.નં.૨ કારણથી ખર્ચ બોજો ઘટાડવા ૪પાના ઓછાં કરતાં ઘણા સમાચારો, કોલમ, લ. વિ. જાહેરાતોની આ અંકમાંથી બાદબાકી કરવી પડેલ છે. -તંત્રી.

## પરીક્ષાના પરિણામ...(છેલ્લાં)

**ધો. ૧૦**

રૈવત જ્વલંત બુચ ૯૧% મુંબઈ

**ધો. ૧૨**

પારસ દેવેન્દ્ર અંજારીયા ૮૦૧% અમદાવાદ

[illegible]ખા દર્શક વૈશ્નવ ૮૮% ભરૂચ

મલય અંકિત વૈદ્ય ૯૧% વડોદરા

ગૌરવ વિનય મજમુદાર ૮૦% વડોદરા

[illegible]માંગ હરેશ ધોળકિયા પ્રથમ વર્ષ જામનગર

**બી. એ.**

પૂર્વા પ્રદીપભાઈ મંકોડી દ્વિતીય વર્ગ

તથા ડીપ્લોમા ઈન મ્યુઝીક પ્રથમ વર્ગ વડોદરા

**એમ. એ.**

[illegible]તી ત્રિલોચન ઝાલા દ્વિતીય વર્ગ પોરબંદર

**એસ. વાય. બી.કોમ.**

ધારા સુધીરભાઈ વૈશ્નવ ૬૬% જૂનાગઢ

સં[illegible]તિ જી. વૈશ્નવ પ્રથમ વર્ગ અમદાવાદ

**એમ.કોમ.**

મીનળ શૈલેષભાઈ બુચ પ્રથમ વર્ગ રાજકોટ

કૃપા સુધીરભાઈ વૈશ્નવ પ્રથમ વર્ગ જૂનાગઢ

**એમ.બી.એ. (સેમે. ૨)**

ધૈર્ય કિરણભાઇ છાયા ૭૫% રાજકોટ

**બી.સી.એ.**

યશસ્વી નિશેન્દુ વૈદ્ય ૭૧% સુત્રાપાડા

**એમ.સી.એ.**

દ્રષ્ટિ વિનય મજમુદાર ૭૦% વડોદરા

**એમ. એડ.**

શ્રીમતી શ્રુતિ રક્ષિત બક્ષી ૮૦% રાજકોટ

**સીપીટી.**

રચિતા ધ્રુવ બક્ષી મુંબઈ

**એમ.બી.એ. (એચઆર)**

રક્ષિત કશ્યપભાઈ વૈશ્નવ ૯.૧૪ એસપીઆઇ

(સનશાઈન કોલેજમાં ચોથા સ્થાને)

**એમ.બી.એ.(સેમેસ્ટર–૪)**

પલક જનાર્દનભાઈ ધોળકિયા ડીસ્ટીં. જૂનાગઢ

## –:–:– મંગલ મેરેજ બ્યુરો –:–:–

**સંચાલક : મમતા ઢેબર – ફોન : ૦૨૮૧ – ૨૫૭૦૬૮૧(મો) ૦૯૪૨૮૭૦૧૧૩૬**

**સમય : સવારે ૯ થી ૧૧ સાંજે ૫ થી ૭ ઈમેઈલ :** mamtadhebar@yahoo.in.

**યુવકોની વિગત :**

(૧) નવેમ્બર–૮૨, B.Sc.(Botony) PGDM ઉંચાઈ ૫'.૫"

(૨) ઓકટોબર–૮૫, Comp.Engineer ઉંચાઈ ૫'.૬" (મંગળ)

(૩) જૂન–૮૪, EC Engneer ઉંચાઈ ૫'.૯"

(૪) જૂલાઈ–૮૪, B.Com.PGDCA,M.Sc.IT ઉંચાઈ ૫'.૫" (મંગળ)

(૫) માર્ચ–૮૪, Biomedical Eng. ઉંચાઈ ૬'

(૬) ઓગષ્ટ–૮૬, B.Com,MBA ઉંચાઈ ૫'.૯"

(૭) ફેબ્રુઆરી ૮૬ B.E(C.E.) MBA ઉંચાઈ ૫'.૬" (NRIને પણ પસંદગી)

**સગાઈના અભિનંદન :**

મિતાલી માંકડ – પૂર્વાંગ વોરા.

નિરાલી નાણાવટી – અંકિત વસાવડા

ડૉ. ચિન્મયી ભટ્ટ– હીરેન જોષી

**આપના સંતાનો માટે આજે જ બાયોડેટા ફોનથી નોંધાવો અને મનપસંદ જીવનસાથી મેળવો.**

## સગપણ–સગાઈ :

☺ જૂનાગઢના યાત્રિક યશેષ વસાવડાનું સગપણ રાજકોટ સ્થિત રચના હેમેન્દ્ર છાયા સાથે.

☺ જૂનાગઢનાં શ્રીમતી રીટાબેન ધ્રુવેનભાઈ ત્રિવેદીનાં પુત્રી આલોકીનું સગપણ જૂનાગઢનાં શ્રીમતી કિર્તનાબેન કમલેશભાઈ વૈશ્નવના પુત્ર તેજસ સાથે. ☺ જૂનાગઢના શ્રીમતી પ્રતિભાબેન વિમલભાઈ બુચના પુત્ર હરિતનું સગપણ ભાવનગરનાં શ્રીમતી વીણાબેન કુલીનભાઈ વૈશ્નવનાં પુત્રી કૃતિનું સગપણ વડોદરા નિવાસી પ્રકાશ રાજેન્દ્રભાઈ દેસાઈના પુત્ર પુરબ સાથે.

☺ વડોદરા સ્થિત પ્રકાશભાઈ જે. દેસાઈના પુત્ર જ્વલંતનું સગપણ વડોદરા સ્થિત હર્ષાયુભાઈ શુકલનાં પુત્રી જપન્તિ સાથે.

☺ મુંબઈ સ્થિત ધરા માંકડનું સગપણ વડોદરા નિવાસી ધ્વનિત જયેશભાઈ વોરા સાથે.

☺ જૂનાગઢ સ્થિત પલક જનાર્દનભાઈ ધોળકિયાનું સગપણ ભુજ નિવાસી નીલેશભાઈ હરસુખરાય હાથીના પુત્ર દર્શ સાથે. (માધ્યમ બરછી)

☺ વલ્લભવિદ્યાનગર સ્થિત અવનીન્દ્ર એન. ઓઝાના પુત્ર શાલિનનું સગપણ ગાંધીધામ સ્થિત યશેષભાઈ ધોળકિયાનાં પુત્રી શીતલ સાથે.

☺ અમદાવાદ સ્થિત જીતેન્દ્રભાઈ રામશંકર પંડયાના પુત્ર ઋષિકેશનું સગપણ અમદાવાદ સ્થિત રાજુભાઈ વાસુદેવભાઈ ભટ્ટનાં પુત્રી સ્નેહા સાથે.

**શુભલગ્નમ્ :** ભુજનાં શ્રીમતી રેણુકાબેન ગીરીશભાઈ વૈશ્નવનાં પુત્રી શીતલનાં લગ્ન રાજકોટના શ્રીમતી રાગિણીબેન વિજયભાઈ વોરાના પુત્ર દેવાંગ સાથે.

## ચિ કિંજલ મુંજાલ ઓઝાને શુભેચ્છા–આશિર્વાદ



હાટકેશ દાદાની કૃપા અને વડીલોના આશિર્વાદથી ચિ. કિંજલ ઈલેંકટ્રોનીકસ એન્ડ ટેલીકોમ્યુનીકેશન એન્જી. (બી.ઈ.) ના અંતિમ વર્ષમાં ૭૩.૩૩ % સાથે ઉર્તીણ થઇ, યુ.એસ.ના બોસ્ટન શહેરની ટોપ યુનિવર્સિટીમાં એમ.એસ. ઈન ટેલી કોમ્યુનીકેશનના ઉચ્ચ અભ્યાસ અર્થે યુ.એસ.એ.જઈ રહયાં છે...

ઉતરોતર પ્રગતિની શુભેચ્છા અને આશિર્વાદ સાથે...

સૌ. દીપ્તી મુંજાલ ઓઝા – માતા–પિતા
સ્વ. જયકુમારીબેન ધનવંતલાલ ઓઝા – દાદા દાદી
સ્વ. પ્રેમીલાબેન તરૂણકાન્ત માંકડ– નાના નાની

| | |
|---|---|
| ગીતા નિપુલભાઈ ઓઝા –કાકા કાકી | રીટા સુનીલભાઈ માંકડ –મામી મામા |
| પારૂલ હેમંતભાઈ ઓઝા કાકા કાકી | હર્ષિદા સંદીપ માકંડ– મામા મામી |
| તૃપ્તી સુનીલભાઈ ઓઝા કાકા કાકી | સ્વાતી હાર્દીકભાઈ માંકડ–મામા મામી |
| દિપ્તી ઉદયભાઈ વસાવડા–ફઈ ફુઆ | કૃતી મેગટભાઈ માંકડ –મામા મામી |
| સ્વાતી કુંજલભાઈ વસાવડા –ફઈ ફુઆ | શિવાની વિશાલભાઈ માંકડ –મામા–મામી |
| કોમલ કેયુર વસાવડા –ભાઈ–ભાભી | મહેશભાઈ માંકડ –મામા |
| પ્યારી કેતુલ અદાણી–બેન બનેવી | જાગૃતિ મયુરભાઈ વૈદ્ય –માસી માસા |
| મુક્તા, નિતલ, અમન, શૈશવ , | ધરિત્રી, હિતેશ સ્વાદિયા માસી–માસા |
| ઈશા,યવેશ,વરૂણ,દ્રષ્ટિ –ભાઈ બહેન | વૃતિ, સુગમ,વેદ,સ્વર,અંતરા, ઉન્નતિ, દ્રષ્ટિ |

# ABM TRAVELS

## દિવાળી વેકેશનમાં જેન્ટીંગ-કુઆલંમ્પુર-સિંગાપોર

ABM Travels દ્વારા પ્રસ્તુત અને NEEM HOLIDAYS દ્વારા આયોજીત ૬ રાત્રિ અને ૭ દિવસનો સંપૂર્ણ આરામદાયક અને આનંદદાયક પ્રવાસ માત્ર આપણા જ હાટકેશ પરિવારના સભ્યો/મિત્રો સાથે માત્ર **રૂા ૬૯,૭૫૦** વ્યકિત દીઠ/ **રૂા ૬૪,૭૫૦** બાળકના ( ૧૨ વર્ષથી નીચે) Bed સાથે **રૂા ૫૯,૭૫૦/-** બાળકના Bed વગર .

**<u>સામેલ છે</u> :** એર ટીકીટ, ટેક્ષ સાથે, સુપર ડીલક્ષ હોટેલો, બ્રેક ફાસ્ટ, લંચ તથા ડીનર, એસી ટૂર, જોવાલાયક Sightseeing વીસા તેમજ લોકલ ગાઈડ.

**<u>પ્રસ્થાન</u> :** મુંબઈથી **તા. ૧૧ નવેમ્બર, રવિવાર** વહેલી સવારના.

**<u>નોંધ</u> :** <u>તા. ૧૦ સપ્ટેમ્બર સુધીમાં બુકીંગ માટે નામ તથા રૂા ૧૦,૦૦૦ નો ચેક વ્યકિત દીઠ</u> અને ઝેરોક્ષ કોપી પાસપોર્ટ મોકલવાના રહેશે. બાકીની રકમ <u>૧૦ ઓકટોબર</u> સુધીમાં મોકલવાની રહેશે.

**<u>શરત</u> :** ઓછામાં ઓછા ૨૦ હાટકેશ પરિવારના સભ્યો/મિત્રો થશે તો જ આ પ્રવાસ માત્ર હાટકેશ પરિવારનો રહેશે, તેનાથી ઓછી સંખ્યા હશે તો જેઓએ નામ લખાવ્યા હશે તેમને અમારી રેગ્યુલર ટૂરમાં સમાવેશ કરાશે...જો તેમની મરજી હશે તો.

**<u>પ્રવાસની વિસ્તૃત માહિતી માટે તુરત સંપર્ક કરો.</u>**

**અવિનાશ મહેતા : 09820817318 abmtravels@gmail.com**


**નરસિંહની ચેતના મને સ્પર્શે છે તેનું મને ગૌરવ છે – મોરારીબાપુ**

આ ભૂમિ ઉપર જે નરસિંહ મહેતાનું પ્રાગટય ૫૦૦૦ વર્ષ પહેલાં થયું હોત તો ગીતાના દશમા અધ્યાયમાં વિભૂતિયોગના વર્ણનમાં શ્રીકૃષ્ણએ બોલવું પડત કે ભકતો અને સંતોની પંકિતમાં હું નરસિંહ છું ! આ વાત હું જાણું છું કારણ મારી ચેતના નરસિંહને સ્પર્શે છે, કારણ મારા વડવાઓ નાગર છે.

જૂનાગઢ તા. ૨૪/૯/૨૦૦૯ –મોરારીબાપુ.

...અને તેથીજ હું નરસિંહ મહેતાના સૂવર્ણ સીકકા બનાવી વેંચું છું. હવે તો દર્શન કેબીનેટ પણ જથ્થાબંધ ઉપલબ્ધ છે. પ્રસંગ સાચવવા અગાઉથી સંપર્ક કરો :

**ચિરાગભાઈ દિ. માંકડ**
**'સ્વાતિ-એ' ૧/૭ જાગનાથ પ્લોટ,**
**રાજકોટ-૩૬૦ ૦૦૧. ૦૨૮૧-૨૪૬૮૦૬૬**
**મો. ૯૪૨૮૦ ૫૦૯૪૨**


નારાયણબલી તથા માતૃશ્રાધ્ધ માટે નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર
**સુધીરભાઈ ચંદ્રશંકર શુકલ**
ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં, સિદ્ધપુર. ફોન : ૨૭૬૭-૨૨૧૯૩૫



**KALAM KADCHHI BARCHHI-GRJ-23**

**If not delivered Pl. return to :**
Barchhi Karyalaya,Kotechanagar Main Rd,
Rajkot - 360 001..

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.ફોનઃ ૨૪૫૩૦૬૩